# પોલીટેકનિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ દ્વારા રાષ્ટ્રિય પોષણ માહ ની ઉજવણી

માનનિય પ્રધાનમંત્રીશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રિય પોષણ માહ (૧ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩) ની ઉજવણી ના ભાગરૂપે પોલીટેક્નિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ, આ.કૃ.યુ., આણંદ દ્વારા જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમોનું સંપૂર્ણ આયોજન એસ. આર. સી. ચેરમેન અને એન.એસ.એસ. ઓફિસર ડૉ. ગાયત્રી આર. જાડેજા દ્વારા કરવામાં આવેલ. કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. કે.બી.કામળિયા તથા અન્ય કર્મચારીગણ ડૉ. દેવેશ પટેલ, શ્રીમતી મીનાક્ષી પ્રજાપતી, શ્રીમતી પ્રિતી ઠાકર, શ્રીમતી પૂર્વી પટેલ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સાથ સહકાર આપીને આ ઉજવણી ને સફળ બનાવી હતી.

તા. ૨/૯/૨૦૨૩ ના રોજ પોષણ સપ્તાહની ઉજવણીનું મહત્વ વિશે વિદ્યાર્થીઓ દ્વારા જાણકારી આપવામા આવેલ.




તા. ૧૬/૯/૨૦૨૩ નાં રોજ **વાનગી સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં બે થીમ રાખેલ. પહેલો થીમ "Healthy recipes for adolescent" માં પ્રથમ સ્થાને નિશા પરમાર (મીલેટ મુઠીયા) અને બીજા સ્થાને નયન કોલાડીયા અને નીલ વારલેકર (પનીર પુલાવ) આવ્યા હતા. બીજી થીમ "Healthy Prasad" માં પ્રથમ સ્થાને ઇશા રોહિત અને રાજ હેતલ, (મખાના બરફી), બીજા સ્થાને પાટિલ ઋતુ (કોકોનટ લડ્ડુ) અને ત્રીજા સ્થાને ગાયત્રી સોલંકી અને દ્વીષા દિક્ષિત (પીનટ મોદક) આવ્યા હતા.





મિલેટ મુઠિયા પનીર પુલાવ





મખાના બરફી



કોકોનટ લડ્ડુ



પીનટ મોદક

તા. ૨૦/૯/૨૦૨૩ ના રોજ “સુપોષિત ભારત” થીમ પર **પોસ્ટર સ્પર્ધા** આયોજીત થઇ જેમાં પ્રથમ નંબરે વેદકુમાર પટેલ , બીજા સ્થાને વધાશીયા શ્રેયા, ત્રીજા સ્થાને જેનીલ પ્રજાપતિ અને ચોથા સ્થાને ધ્રુવિષા ડામોર આવ્યા હતા.

